ગોધરા તાલુકાના વાવડી ખુર્દ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો

સ્કોર્પિયોના ચાલકે બે બાઈકને જોરદાર ટક્કર મારી, ૩ના મોત

મૃતકોના પરિવારજનોને બનાવની જાણ થતાં ઘરમાં શોકનો માહોલ ઉભો થયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.10

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકા પોલીસ મથકની હદમાં અમદાવાદ-ગોધરા હાઈવે પર એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે.

ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ અનુસાર, વાવડી ખુર્દ ટોલનાકા પાસે આવેલી ચામુંડા હોટલ સામે એક સ્કોર્પિયો કારના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી માર્ગ પર જતી બે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો કે બંને બાઈક પર સવાર ત્રણેય વ્યક્તિઓને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા.

અકસ્માતની વિગતો મુજબ, સ્કોર્પિયો ગાડીના ચાલકે પહેલા સ્પ્લેન્ડર બાઈકને ટક્કર મારી હતી, જેના ચાલક ૨૦ વર્ષીય વિશાલકુમાર લક્ષ્મણભાઈ પરમાર અને તેમની પાછળ બેઠેલા ૧૬ વર્ષીય કિશોર જયદીપકુમાર ખેંગારભાઈ પરમારનું મૃત્યુ થયું હતું.

આ સાથે જ કારે બીજી પલ્સર બાઈકને પણ અડફેટે લીધી હતી, જેમાં સવાર ૩૫ વર્ષીય નરેન્દ્રભાઈ ગણપતભાઈ પરમાર નું પણ ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર જ અવસાન થયું હતું. અકસ્માત સર્જ્યા બાદ સ્કોર્પિયોનો ચાલક માનવતા નેવે મૂકી પોતાની ગાડી ઘટનાસ્થળ પર જ મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. આ મામલે મૃતક વિશાલકુમારના પિતા લક્ષ્મણભાઈ વણકરે ફરિયાદ નોંધાવતા પોલીસે સ્કોર્પિયો ચાલક વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની ગંભીરતાને જોતા પોલીસે એફ.એસ.એલ.ની મદદ પણ માંગી છે અને ફરાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

શિનોર તાલુકાના અવાખલ-માલપુર રોડ ઉપર કાર-બાઈક વચ્ચે અકસ્માત: 1નું મોત

(પ્રતિનિધિ) શિનોર, તા.10

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના અવાખલ-માલપુર રોડ ઉપર આજે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. સ્વીફ્ટ ડિઝાયર કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજતાં વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં શિનોર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે હોંચી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ શિનોર તાલુકાના અવાખલથી માલપુર જવાના રસ્તા ઉપર, નિલેશભાઈ ડાયાભાઈ પટેલના ખેતર પાસે મારુતિ કંપનીની સ્વીફ્ટ ડિઝાયર કાર નંબર GJ 06 PF 3270 ના ચાલકે બેફિકરાઈપૂર્વક અને ગફલતભરી રીતે વાહન હંકારી બાઈકને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક ચાલક સંજયભાઈ કનુભાઈ વસાવા, ઉંમર આશરે 46 વર્ષ, રહેવાસી બરકાલ કોલોની, તાલુકો શિનોરનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અને સ્વીફ્ટ કાર ચાલકને મોટા ફોફળિયાથીબરોડા રીફર કર્યા છે આ સમગ્ર મામલે જયકુમાર સંજયભાઈ વસાવા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. ત્યારબાદ શિનોર પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. સ્થાનિકોમાં અકસ્માતને લઈને ભારે શોકની લાગણી ફેલાઈ છે.

ગરબાડા તાલુકાના બોરિયાળા ગામે ભીષણ આગનો કહેર

પાંચ પરિવારોના મકાનો બળીને ખાખ, 8 પશુઓના મોત નીપજ્યા

(પ્રતિનિધિ) ગરબાડા, તા.10

ગરબાડા તાલુકાના બોરિયાળા ગામે આજે એક અત્યંત દુખદ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગામમાં અચાનક ફાટી નીકળેલી ભીષણ આગમાં પાંચ પરિવારોના રહેણાંક મકાનો બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયા છે. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં ઘરવખરી, વાહનો અને અબોલ પશુઓને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. આગની જાણ થતાં જ ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી અને ઘટનાની ગંભીરતા જોતા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ફાયર ફાઈટરની બે ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. સાથે જ ગરબાડા પોલીસ તેમજ 112 ઈમરજન્સી સેવા ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને સ્થિતિને કાબૂમાં લેવા તેમજ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. આ દુર્ઘટનામાં પાંચેય મકાનોમાં રહેલી તમામ ઘરવખરી બળીને રાખ થઈ ગઈ છે. આગની ઝપેટમાં આવવાથી કુલ 8 અબોલ પશુઓના કરુણ મોત નીપજ્યા છે, જેમાં 1 ગાય, 4 બકરા અને 3 વાછરડાંનો સમાવેશ થાય છે. ઉપરાંત, ઘરમાં મુકેલી 2 મોટરસાયકલ પણ સંપૂર્ણપણે બળી ગઈ છે. આ બનાવમાં છગનભાઈ મંગળભાઈ ભુરીયા, ભાકચંદ કડવાભાઈ બોડાણા, મુકેશભાઈ રામસિંહભાઈ ભુરીયા, નુરુદ્દીન કાલાભાઈ કતવારાવાળા અને મોઈઝભાઈ કાલાભાઈ કતવારાવાળાના મકાનો બળીને ખાખ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

શિનોર તાલુકાના માલસર આશા બ્રિજ પર બાઈકને ટક્કર મારી કારચાલક ફરાર

(પ્રતિનિધિ) શિનોર, તા.10

માલસર બ્રિજનો રસ્તો હાલ પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. રસ્તા પર પાથરાયેલ કપચી, ઊડતી ધૂળ અને ઊબડખાબડ રસ્તાના કારણે વારંવાર અકસ્માતોની ઘટનાઓ સર્જાઈ રહી છે. આજે બનેલી અજાણ્યા બાઈક અકસ્માતની ઘટના પણ આવી જ બેદરકારીનું પરિણામ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે માલસર બાજુ બ્રિજ ઉપર કોઈપણ GRD કે પોલીસ પોઈન્ટ કાર્યરત નથી, જેના કારણે આવી અકસ્માતની ઘટનાઓમાં પોલીસને કાર્યવાહી કરવામાં મુશ્કેલી ઉભી થાય છે. સામે વરાછા બાજુ સતત GRD પોઈન્ટ મુકવામાં આવે છે, ત્યારે માલસર-શિનોર બાજુ પણ કાયમી પોલીસ પોઈન્ટ શરૂ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે. આ ઉપરાંત બ્રિજ ઉપર લગાવવામાં આવેલા CCTV કેમેરા પણ હાલ બંધ હાલતમાં હોવાનું લોકો જણાવી રહ્યા છે. જો આ CCTV કેમેરા વહેલી તકે કાર્યરત કરવામાં આવે તો અકસ્માત કે ગુનાની ઘટનાઓમાં પોલીસને તપાસ અને આરોપીઓ સુધી પહોંચવામાં મહત્વની મદદ મળી શકે તેવી ચર્ચા લોકોમાં ચાલી રહી છે.

મઘાસર ચોકડી પાસે થી રૂ 20,000/ની મોટરસાઈકલની ચોરી

કાલોલ : કાલોલના બોરૂ ટર્નિંગ વિસ્તારમાં રહેતા અતિક્કુમાર રંગીતભાઈ સોલંકી દ્વારા નોંધાવેલ ફરીયાદની વિગત મુજબ તેઓ પોતાની બજાજ સીટી ૧૦૦ મોટરસાયકલ લઈને મસવાડ ગામે માસીની દીકરીને ઘરે જવા નીકળ્યા હતા અને મઘાસર ચોકડી પાસે મોટરસાયકલ ઊભી રાખી પડીકી લેવા ગયા હતા અને પડીકી લઇ પરત આવ્યા ત્યારે મોટરસાયકલ જોવા મળી નહોતી આસપાસ તપાસ કરતા પણ મોટરસાયકલ મળી આવી નહીં જે બાદ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે જીજે ૦૬ એલ એચ ૬૦૨૧ રૂ ૨૦,૦૦૦/ ની કિંમતની મોટરસાયકલ ની ચોરીની ફરિયાદ પોલીસ મથકે નોંધાતા ચોરનુ પગેરુ શોધવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

લગ્નપાછળ ખોટા ખર્ચાઓ ઘટાડવા અપીલ કરાઇ

દાહોદમાં બિરસા મુંડા આદિવાસી સમાજ ભવન ખાતે ચોથો સમૂહલગ્ન યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.10

દાહોદ સ્થિત બિરસા મુંડા આદિવાસી સમાજ ભવન દ્વારા આગામી રવિવાર તા.૧૦ મે ૨૦૨૬ના રોજ ચોથા સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું . આ સમૂહલગ્ન સમારોહ સવારે ૯:૩૦ થી બપોરે ૨:૦૦ કલાક દરમિયાન સમાજ ભવન ખાતે યોજાયો, જેમાં દાહોદ, પંચમહાલ અને મહીસાગર જિલ્લાના આદિવાસી સમાજના અનેક પરિવારો ભાગ લીધો. આદિવાસી સમાજમાં લગ્ન પ્રસંગે થતા નિરર્થક ખર્ચાઓ ઘટાડવા, સમય અને નાણાંની બચત કરવા તેમજ સમાજની સામાજિક અને આર્થિક પ્રગતિને વેગ આપવા હેતુસર છેલ્લા ચાર વર્ષથી સતત સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સમાજ ભવન મેનેજમેન્ટ દ્વારા સમાજજનોને આ સમારોહમાં તન-મન-ધનથી સહભાગી થવા અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના આગેવાનો અને દાતાઓ દ્વારા યથાશક્તિ નાણાંકીય યોગદાન આપવામાં આપવામાં આવ્યું હતું.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાં બોરુ રીફાઈ પબ્લિક સ્કૂલના બે વિદ્યાર્થીઓ જિલ્લામાં પ્રથમ ક્રમે

(પ્રતિનિધિ) કાલોલ, તા.10

આણંદ લાયન્સ કલબ સોસાયટી ખાતે કલાશિક્ષક સંઘ ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત 24મા સન્માન સમારોહમાં પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની બોરુ રીફાઈ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ ગૌરવ અપાવ્યું છે. રંગપૂર્ણી ચિત્ર સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી અહમદ રજા અને વિદ્યાર્થિની હિમાલી એ સમગ્ર પંચમહાલ જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.જ્યાં આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ ચિત્રકૃતિના વિદ્યાર્થીઓ, સંનિષ્ઠ ચિત્રશિક્ષકો, નિવૃત્ત ચિત્ર શિક્ષકો અને કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહમાં ગુજરાતી ફિલ્મ ડાયરેક્ટર વિશવ રાવલ, પ્રખ્યાત કલાકાર કનુભાઈ પટેલ અને કલાકાર મયંક રાવલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે કાલોલ તાલુકાના બોરુ ગામની રીફાઈ પબ્લિક સ્કૂલના બંને વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળા પરિવારમાં ખુશીની લહેર ફરી વળી છે. શાળાના સંચાલકોએ વિદ્યાર્થીઓની પ્રતિભાને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેઓએ જણાવ્યું કે વિદ્યાર્થીઓની કલા પ્રત્યેની લગન અને ચિત્ર શિક્ષકોના માર્ગદર્શનને કારણે આ સફળતા મળી છે.

કાલોલની બોરુ રીફાઈ પબ્લિક સ્કૂલ SSCમાં સતત ત્રીજા વર્ષે 100% પરિણામ

(પ્રતિનિધિ) કાલોલ, તા.10

કાલોલ તાલુકાના બોરુ ગામે આવેલ રીફાઈ પબ્લિક સ્કૂલે માર્ચ-2026ની બોર્ડની પરીક્ષામાં ગૌરવવંતી સિદ્ધિ મેળવી છે. શાળાએ SSCમાં સતત ત્રીજા વર્ષે 100% પરિણામની હેટ્રિક લગાવી છે, જ્યારે HSC વાણિજ્ય પ્રવાહમાં 99% પરિણામ સાથે ગ્રાન્ડ ડેબ્યુ કર્યું છે. ત્યારે ધોરણ-10 SSCની ત્રીજી બેચે પણ 100% પરિણામ મેળવી શાળાની પરંપરા જાળવી રાખી છે. બીજી તરફ ધોરણ-12 HSC વાણિજ્યની ત્રીજી બેચે 99% પરિણામ સાથે શાળાનું નામ રોશન કર્યું છે.

પાદરા ઝેન સ્કૂલ દ્વારા 'ઝેન એક્સેલન્સ લીગ 2025-26

તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.10

છેલ્લા ૨૯ વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી ઝેન સ્કૂલ દ્વારા તાજેતરમાં 'ઝેન એક્સેલન્સ લીગ ૨૦૨૫-૨૬' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવાનો અને તેમને વધુ ઉત્તમ પ્રદર્શન માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ વર્ષે શાળાના ૧૫૮થી વધુ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. તેજસ્વી વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી ટ્રોફી અને મેડલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહ અને ગૌરવનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં વિશેષ સિદ્ધિ મેળવનાર તાલુકા પ્રથમ અને તાલુકા દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને શાળા મેનેજમેન્ટ દ્વારા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની મહેનત અને સફળતાને ઉપસ્થિત મહાનુભાવોએ વધાવી હતી. આ સફળતા પાછળ શાળાના ચેરમેન કિરણ જી. વૈદ્ય, મેનેજિંગ ટ્રસ્ટી ધ્રુવ જી. વૈદ્ય તેમજ વશિષ્ઠ કે. વૈદ્ય અને મેઘ ડી. વૈદ્યનું સતત માર્ગદર્શન અને સંચાલન મહત્વપૂર્ણ રહ્યું હોવાનું જણાવાયું હતું.

હાલોલમાં ભારતના વીર મહારાણા પ્રતાપ ની જન્મ જયંતી નિમિત્તે ભવ્ય ઉજવણી કરી પુષ્પાંજલિ અર્પણ કરી

હાલોલ : ૯ મે ના રોજ ભારતના વીરપુરુષ મહારાણા પ્રતાપ ની જન્મ જયંતી હોવાના કારણે હાલોલ ના લોકલાડીલા ધારાસભ્ય જયદ્રસિંહજી પરમાર તથા મયુર ધ્વજ સિંહ પરમાર અને ક્ષત્રિય સમાજના અસંખ્ય આગેવાનો હાજર રહી હાલોલ પાવાગઢ રોડ સ્થિત અરાદ રોડના નાકે મહારાણા પ્રતાપ ની પ્રતિમા સામે હાજર રહી તેમની વીરતા ની ગાથાઓ વાગોડી જય ઘોષના નારા સાથે સર્વે પુષ્પાંજલિ અર્પણ કરી તેમના ચરણોમાં વંદન કર્યા હતા મહારાણા પ્રતાપ જી ના જન્મોત્સવ નિમિત્તે સર્વે હિન્દુ સંસ્કૃતિનો રક્ષણ કરવાની પ્રેરણા મેળવી હતી.

પાદરામાં હિન્દુ હૃદય સમ્રાટ મહારાણા પ્રતાપજીની જન્મ જયંતી ઉજવાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા.10

પાદરા માં હિન્દુ હૃદય સમ્રાટ અને વીર યોદ્ધા મહારાણા પ્રતાપજી ની જન્મ જયંતી નિમિત્તે શ્રી રાજપુત શક્તિ યુવા સંગઠન પાદરા દ્વારા મહારાણા પ્રતાપજી ની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. પાદરા નગર ના નવા એસટી ડેપો પાસે આવેલ મહારાણા પ્રતાપજીની પ્રતિમાને પુષ્પહાર અને પૂજન કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે શ્રી રાજપૂત શક્તિ યુવા સંગઠના પ્રમુખ અને પાદરાના ધારાસભ્ય, મહામંત્રી કિરણસિંહ પઢીયાર, શ્રી રાજપૂત શક્તિ યુવા સંગઠન ના પાદરા તાલુકા અને શહેર કમિટી સભ્યો ભુપતસિંહ ગોહિલ, અશોકસિંહ પઢીયાર, દીપકસિંહ ચૌહાણ, પંકજસિંહ સોલંકી, હિતેશસિંહ પરમાર, પ્રભુદાસસિંહ રાજપૂત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરામાં આભમાંથી વરસતી આગની સાથે ધરતી પર 'શોર્ટ સર્કિટ'નો કહેર

છેલ્લા બે મહિનામાં 360 સ્થળોએ આગના બનાવો, ગરમી વધતા જ ફાયર બ્રિગેડના ફોનની ઘંટડી સતત રણકી

માર્ચ મહિના કરતા એપ્રિલ માસમાં ઘટનાઓમાં 45% નો ઘરખમ વધારો



(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા શહેરમાં વર્તમાન ઉનાળાની સીઝનમાં તાપમાનનો પારો સતત વધી રહ્યો છે, જેની સીધી અસર હવે આગની ઘટનાઓ પર જોવા મળી રહી છે. કાળઝાડ ગરમીની સાથે શહેરમાં આગના બનાવોમાં આશ્ચર્યજનક અને ચિંતાજનક ઉછાળો નોંધાયો છે. છેલ્લા બે મહિનાના આંકડાઓ પર નજર કરીએ તો વડોદરા ફાયર વિભાગ પાસે આગની નાની-મોટી ઘટનાઓના 360થી વધુ કોલ્સ નોંધાયા છે, જેને પગલે ફાયર બ્રિગેડની ટીમ સતત એલર્ટ મોડ પર આવી ગઈ છે. ફાયર વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, માર્ચ મહિનામાં આગ લાગવાની કુલ 134 ઘટનાઓ બની હતી. જોકે, એપ્રિલ મહિનો આવતાની સાથે જ ગરમીમાં વધારો થતા આ આંકડો સીધો વધીને 194 પર પહોંચી ગયો હતો. મે મહિનાની શરૂઆત પણ આગની દ્રષ્ટિએ ભયાનક રહી છે, જેમાં અત્યાર સુધીમાં માત્ર થોડા જ દિવસોમાં 34 જેટલી ઘટનાઓ સામે આવી ચૂકી છે. આમ, ગરમી વધતાની સાથે જ આગના બનાવોનો ગ્રાફ પણ ઊંચો જઈ રહ્યો છે. આગની આ ઘટનાઓ માત્ર કોઈ એક ચોક્કસ વિસ્તાર પૂરતી સીમિત નથી. શહેરમાં આવેલા સ્પા, કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દુકાનોથી લઈને રહેણાંક મકાનોમાં પણ આગ લાગવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. તપાસમાં બહાર આવ્યું છે કે મોટાભાગની આગ શોર્ટ સર્કિટના કારણે અથવા તો સતત ચાલતા એર કન્ડિશનર અને અન્ય વીજ ઉપકરણો પર ગરમીને કારણે વધતા લોડને લીધે લાગે છે. વધતી જતી ઘટનાઓને જોતા વડોદરા ફાયર બ્રિગેડ અત્યારે પૂરેપૂરી સજ્જતા સાથે કામ કરી રહ્યું છે. તંત્ર દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના ઘર કે ઓફિસના વીજ ઉપકરણોનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરે. વાયરિંગની ચકાસણી કરાવવી અને ફાયર સેફ્ટીના સાધનો કાર્યરત રાખવા અત્યંત અનિવાર્ય છે. ગરમીના દિવસોમાં નાની અમથી બેદરકારી મોટી હોનારત નોતરી શકે છે, તેથી ફાયર સેફ્ટીના નિયમોનું ચુસ્ત પાલન કરવા વહીવટી તંત્ર દ્વારા ભાર મૂકવામાં આવ્યો છે.

હાલોલ તાલુકાના પાનેલાવમાં પાંચમા સમૂહ લગ્નનું આયોજન

(પ્રતિનિધિ) હાલોલ, તા.10

હાલોલ તાલુકાના પાનેલાવ ગામે દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ નાં પ્રમુખ કૃણાલભાઈ ભાટિયા સહિત ટ્રસ્ટના અગ્રણીઓના સોજન્યથી પાંચમો સમુહ લગ્નોત્સવ નું આયોજન આજે રવિવારના રોજ કરવામાં આવ્યું હતું.જેમાં 15 નવ દંપતીઓ એ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.કાર્યક્રમ ની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી.આ પ્રસંગે હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર સહિત રાજકીય આગેવાનો તેમજ પાનેલાવ ગામ સહિત આસપાસના ગામોનાં ગ્રામજનો ભવ્ય સમુહ લગ્નોત્સવમાં જોડાયા હતા. જેમાં પ્રભુતામાં પગલાં પાડી દામ્પત્ય જીવન ની શુભ શરૂઆત કરનાર 15 જોડાઓને દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ અને દાતાઓ દ્વારા કન્યાદાન કરી કરિયાવર સહિત વિવિધ પ્રકારની ભેટ સોંગાદો આપવામાં આવી હતી.જેમાં 15 નવ દંપતીઓ ને હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર તેમજ અગ્રણીઓ દ્વારા આશીર્વાદ પાઠવી સુખી લગ્ન જીવન ની શુભેચ્છાઓ પાઠવી હતી.